# આજથી સેકટર-૨૧ શાકમાર્કેટ સંપૂર્ણ બંધ







ગાંધીનગર, તા.૧૨

હવે રાજયમાં કોરોનાએ અજગરી ભરડો લેવાનું શરુ કર્યું છે. રાજયમાં દિનપ્રતિદિન કોરોનાના કેસનો આંકડો વધતા ૫૦૦ ને પાર કરી ગયો છે. ત્યારે દેશના પ્રધાનમંત્રીને લોકડાઉનની સ્થિતિમાં સોશ્યલ ડિસ્ટન્સ રાખીને નાગરીકોને ઘરમાં રહેવાનું કહી રહ્યા છે. તેમ છતા શહેરના શાકમાર્કેટમાં વિવિધ શાકભાજીની ખરીદી કરવા માટે મોટીસંખ્યામાં નાગરીકો એકઠા થઈ જતા સોશ્યલ ડિસ્ટન્સ ન જળવાતા તંત્ર સેકટર-૨૧ શાકમાર્કેટ ખાતે ત્રાટકયુ હતું. સોશ્યલ ડિસન્ટન્સનો અમલ ન થતા આખરે તંત્ર એ સેકટર-૨૧ નું શાકમાર્કેટ બંધ કરાવી દીધુ છે.

કોરોનાના કહેરને લઈ સમગ્ર રાજયમાં લોકડાઉનની સ્થિતિ સર્જાઈ છે. ત્યારે લોકડાઉનમાં નાગરીકોને જરુરી ચીજવસ્તુઓ મળી રહે તે માટે શાકમાર્કેટને ખુલ્લુ રાખવામાં આવ્યું હતું. પરંતુ છેલ્લા કેટલાક દિવસથી જિલ્લાના વહીવટી તંત્રને શાકમાર્કેટમાં સોશ્યલ ડિસ્ટન્સ જળવાતુ ન હોવાની વ્યાપક ફરીયાદો ઉઠવા પામી હતી. નાગરીકોનો જમાવડો મોટીસંખ્યામાં એકઠો થાય છે. કોરોના સંક્રમણ અટકાવવા માટે હાલ વહીવટી તંત્ર, આરોગ્ય તંત્ર અને પોલીસ તંત્ર ખડેપગે કામગીરી કરી રહ્યા છે. ત્યારે સેકટર-૨૧ ખાતે તંત્ર દ્વારા જાત તપાસ કરવામાં આવતા સોશ્યલ ડિસ્ટન્સ ન જળવાતુ હોવાનું ધ્યાને આવ્યું હતું. જેથી આજે સાંજના સુમારે વહીવટી તંત્રનો કાફલો સેકટર-૨૧ ખાતે ખડકાઈ ગયો હતો અને તમામ જીવન જરુરી ખાદ્ય ચીજવસ્તુઓ વેચતા લારી ગલ્લા તેમજ શાકમાર્કેટની દુકાનો બંધ કરી દેવાઈ હતી. અચાનક પોલીસ સાથે તંત્રના અધિકારીઓ આવીને શાકમાર્કેટ બંધ કરાવતા વેપારીઓમાં દોડધામ મચી જવા પામી હતી. શાક લઈને આમથી તેમ દોડતા વેપારીઓ નજરે પડ્યા હતા. જયારે શાકમાર્કેટના વેપારીઓને સેકટરોમાં જઈને શાકનું વેચાણ કરવા માટે જણાવ્યું હતું.

## ૧૪મા નાણાંપંચની બચત ગ્રાન્ટમાંથી પંચાયતો કોરોના માટે ખર્ચ કરી શકશે

**સફાઈ કામદારો માટે પ્રોટોક્ટીવ ગોગલ્સ, માસ્ક, હેન્ડ ગ્લોઝ, સેનીટાઈઝર ખરીદવા ઉપરાંત માર્ગદર્શિક મુજબ ૧૪મા નાણાંપંચની બચત ગ્રાન્ટમાંથી ખર્ચ કરી શકશે**

ગાંધીનગર, તા. ૧૨

ગ્રામીણ વિસ્તારમાં કોરોનાને નિયંત્રિત કરવા માટે ૧૪મા નાણાંપંચની ગ્રાન્ટમાંથી ગ્રામ પંચાયતો દ્વારા ખર્ચ કરી શકાશે.

ભારત સરકારે ૯મી એપ્રિલે આ અંગે એક પરિપત્ર કરી અને રાજ્યોને પાઠવી આપેલ છે.

મળતી વિગતો પ્રમાણે હાલમાં કોરોના વાયરસને નિયંત્રિત કરવા અંગે કરવાની થતી કાર્યવાહીના ભાગરૂપે ગ્રામ પંચાયત વિસ્તારના જાહેર ઉપયોગની મિલ્કતો જેવી કે જાહેર રસ્તા, શાળા, કોલેજો, આંગણવાડી, દવાખાના, પુસ્તકાલય, કોમ્યુનીટી હોલ, પંચાયત ઘર સહિતની સંસ્થાઓને જંતુમુક્ત કરવા, ફ્યુમીગેશન અને સેનીટેશન સફાઈ કામદારો માટે પ્રોટોક્ટીવ ગોગલ્સ, માસ્ક, હેન્ડ ગ્લોઝ, હેન્ડ વોસ માટે સેનીટાઈઝર ખરીદવી માટે ૧૪મા નાણાંપંચની બચત ગ્રાન્ટમાંથી ખર્ચ કરી શકશે.

ભારત સરકારે આપેલ મંજૂરી પછી રાજ્ય સરકારે પણ આ અંગેની સૂચનાઓ જારી કરી હોવાનું પંચાયત વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે રાજ્યના પંચાયત વિભાગે આ અંગે તમામ ખર્ચ અંગેના અહેવાલો તલાટીઓએ તાલુકા વિકાસ અધિકારી અને નાયબ જિલ્લા વિકાસ અધિકારી વિકાસને અલગથી મોકલવાના રહેશે એટલુ જ નહિ આ માટે ઔપચારિક મંજૂરી પણ લેવાની રહેશે.

## સિવિલમાં ૧૦ શંકાસ્પદ દર્દીઓ દાખલ

**મનપાનું તંત્ર પણ હરકતમાં આવ્યુ : સર્વેલન્સ સઘન કરાવી સેમ્પલ લેવાની રણનીતિ પણ અલગથી તૈયાર કરવાની કવાયત : સિવિલમાં ઓ.પી.ડી.માં શંકાસ્પદ જણાશે તો સેમ્પલ લેવામાં આવશે**

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આજે કોરોનાના ૧૦ જેટલા શંકાસ્પદ દર્દીઓને દાખલ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે ઓ.પી.ડી. બેઝ પર સેમ્પલ કલેક્શનની કામગીરીનો પણ સિવિલ હોસ્પિટલ ખાતે પ્રારંભ કરવામાં આવ્યો છે. આજે ૧૫ થી વધુના ઓ.પી.ડી. બેઝ સેમ્પલ પણ લેવામાં આવ્યા હોવાનું જામવા મળેલ છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં હાલ કોરોના પોઝીટીવના ૪ દર્દીઓ દાખલ છે અને સારવાર હેઠળ છે. આજે ૧૦ જેટલા શંકાસ્પદ દર્દીઓને દાખલ કરવામાં આવ્યા છે.

બીજી તરફ ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા પણ શરદી-ખાંસી અને તાવ ધરાવતા




દર્દીઓ જો એ સિમ્ટોમેટીક જણાય તો તેમના પણ સેમ્પલ લેવાની કામગીરી શરૂ કરી હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં કોરોના પોઝીટીવના કેસ શોધવા માટે મનપાના તંત્ર દ્વારા કવાયત તેજ બનાવવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. જો કે હાલ સર્વેલન્સ જે ચાલી રહ્યુ છે તે વધુ સઘન બનાવવામાં આવ્યુ છે.

**॥ સેવા હી પરમો ધર્મઃ ॥**

## જિલ્લાની પ્રાથમિક શાળાના શિક્ષકોએ ૨૮૦૦ થી વધુ કીટ બનાવી જરૂરિયાતવાળા પરિવારોને પહોંચાડી

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા ૨૮૩૯ જેટલી કીટો બનાવી અને જરૂરિયાતમંદોને વિતરણ કરવામાં આવી છે. રૂ. ૧૪ લાખથી પણ વધુની કિંમત ધરાવતી આ કીટમાં ૨ કિલો ચોખા, ૫૦૦ ગ્રામ મગદાળ, ૫૦૦ ગ્રામ તુવરદાળ, ૧ લીટર તેલ, ૨.૫૦ કિલો ઘઉનો લોટ, ૧ કિલો મીઠુ, ૧૦૦ ગ્રામ મરચુ, ૧૦૦ ગ્રામ હળદર, ૧ કિ.ગ્રા. ખાંડ રાખવામાં આવેલ છે.

સૌથી મહત્વની બાબત અને સૌને સ્પર્શી જાય તેવી ઘટના એ જોવા મળી છે કે જિલ્લાના શિક્ષકોએ નિર્ણય કર્યો છે કે કીટ વિતરણના કોઈ ફોટોગ્રાફસ નહિ લેવા કે કોઈ પણ પ્રકારનો સમારંભ કે તેવુ કશુ યોજ્યા વગર આ કીટોનું વિતરણ કરવાનું. આ કીટ ખરેખર જરૂરિયાત ધરાવતા પરિવારને જ મળે તેનુ વિશેષ ધ્યાન રાખવાનુ.

શિક્ષણ જગતના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે શિક્ષકોએ આ કાર્ય તેમના નિજાનંદ માટે કર્યુ છે એટલુ જ નહિ સ્વૈચ્છીક રીતે કરી અને કોરાના મુક્ત સમાજની રચના માટેના યજ્ઞમાં જોડાઈ આહુતિ આપી છે. આ સૂત્રોએ જ જણાવ્યુ છે કે જિલ્લામાં દહેગામ તાલુકામાં ૧૧૦૦ થી વધુ ગાંધીનગર તાલુકામાં ૮૦૦ થી વધુ કલોલ તાલુકામાં, ૭૦૦ જેટલી તેમજ માણસા તાલુકામાં ૨૦૦ થી વધુ લોકોને આ કીટનું વિતરણ કરવામાં આવ્યુ છે. શિક્ષણ પરિવાર દ્વારા કોઈપણ જાતની જાહેરાત વિના સ્વેચ્છાએ જ આ કીટો બનાવી અને જે પરિવારોને ખરેખર જરૂરિયાત હતી તેમના સુધી પહોંચતી કરવામાં આવી છે. આજે જિલ્લાના કેટલાક શિક્ષક મિત્રો સાથે થયેલ વાતચીતમાંથી આ વિગતો મેળવી છે જો કે આ અભિયાનને અખબારમાં નહિ લખવાની શરત મુકી હતી પરંતુ સેવા પરમો ધર્મના સૂત્રને ચરિતાર્થ કરતા આ શિક્ષકોને સલામ પાઠવવા સિવાય રહેવાયુ નહિ.

## આકાશમાંથી આગ વરસી : ગરમીનો પારો ૪૨.૫ ડીગ્રી પહોંચી ગયો

**છેલ્લા ચાર દિવસથી મહત્તમ તાપમાન રોજ એક ડીગ્રી વધી રહ્યુ છે : રાત્રિના સમયે પણ ગરમીનો અહેસાસ**



ગાંધીનગર તા ૧૨

ગાંધીનગરમાં આજે સિઝનની રેકર્ડબ્રેક ગરમી નોંધાઈ હતી. ગરમીનો પારો ૪૨.૫ ડીગ્રી પહોંચી ગયો હતો. ગઈકાલે મહત્તમ તાપમાન ૪૧.૬ ડીગ્રી નોંધાયુ હતુ. જયારે આજે પણ ગરમીમાં રોજની જેમ એક ડીગ્રીનો વધારો નોંધાયો હતો. આક્રમક ગરમીના લીધે નગરજનોએ અસહ્ય ગરમીનો અનુભવ કર્યો હતો. લઘુત્તમ તાપમાન પણ ૨૪.૪ ડીગ્રી રહેતા રાત્રિના સમયે પણ ગરમીનુ પ્રભુત્વ રહ્યુ હતુ. દિવસ દરમિયાન કોરોનાની સાથે ગરમીનો મુદ્દો પણ ટોક ઓફ ધ ટાઉન રહ્યો હતો.

શહેરમાં છેલ્લા ચાર દિવસથી ગરમીનુ જોર વધી રહ્યુ છે. ગરમીનો પારો રોજ એક ડીગ્રી ઉપર આવતા રોજ સિઝનની રેકર્ડ બ્રેક ગરમી નોંધાય છે. ગઈકાલે મહત્તમ તાપમાન ૪૧.૬ ડીગ્રી નોંધાયુ હતુ. જયારે આજે એક ડીગ્રીના વધારા સાથે ગરમીનો પારો ૪૨.૫ ડીગ્રી સુધી પહોંચી ગયો હતો. શહેરમાં સિઝનની મહત્તમ ગરમી નોંધાઈ હતી. સવારથી જ વાતવરણમાં અસહ્ય ગરમી અનુભવતા નગરજનો બપોરના સમયે ઘરમાં બેઠા પણ ગરમીથી અકળાયા હતા. આક્રમક ગરમીના લીધે ઘરોમાં એ સી અને કુલરો ધમધમ્યા હતા. હાલ લોકડાઉન વચ્ચે આમ પણ આમ નાગરિકો ઘરની બહાર નિકળતા નથી ત્યારે જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ લેવા માટે પણ

● અનુસંધાન પાન-૭ પર

## કર્મકાંડી બ્રાહ્મણો માટે સરકારને રાહત પેકેજ જાહેર કરવા માંગ

**મંદિરો બંધ વિવિધ યાત્રાધામ પર સન્નાટો ત્યારે કર્મકાંડી બ્રાહ્મણોની આવક છેલ્લા એક મહીનાથી બંધ : પરિવીરનુ ગુજરાન ચલાવવુ મુશ્કેલ : આગામી ૬ મહીનાને ધ્યાને લઇ રાહત પેકેજ જાહેર કરવા માટે પુર્વમંત્રી જયનારાયણ વ્યાસનો મુખ્યમંત્રીને પત્ર**

ગાંધીનગર તા ૧૨

સમગ્ર દેશ કોરોના વાયરસની મહામારીની ગિરફતમાં છે. ત્યારે લોકડાઉનની સ્થિતિ વચ્ચે વેપાર ઉદ્યોગો બંધ છે. ગુજરાતના મંદિરો પણ બંધ છે. હાલ યાત્રાધામના સ્થળે પણ સન્નાટો છવાયેલો જોવા મળે છે. આવા સંજોગોમાં છેલ્લા એક મહીનાથી કર્મકાંડી બ્રાહ્મણોની આવક પણ બંધ છે. ત્યારે સરકાર યજમાન વૃતિ અને પુજાપાઠ કરતા કર્મકાંડી બ્રાહ્મણોના નિભાવ માટે ત્વરિત રાહત પેકેજ જાહેર કરવાની લાગણી અને માંગણી પુર્વ મંત્રી અને સમાજના અગ્રણી જયનારાયણ વ્યાસે કરી છે. તેમણે આ અંગે ગુજરાતના મુખ્યમંત્રીને પત્ર લખી આગામી ૬ મહીનાને ધ્યાને લઈ આ રાહત પેકેજ જાહેર કરવા માટે રજુઆત કરી છે.

કોરોના વાયરસની મહામારીના આ સમયમાં સમગ્ર દેશ લોકડાઉન હેઠળ છે. અલબત્ત મોટા ઉદ્યોગો સહીતના કામ ધંધા ઠપ્પ થઈ ગયા છે. ત્યારે મહામારીના આ સંજોગોમાં સરકાર ગરીબોને મફત અનાજ પુરુ પાડે છે. રાશનકાર્ડ ધારકોને જરૂરિયાતને ધ્યાને લઈ અનાજનુ વિતરણ કરવામાં આવી રહ્યુ છે. જયારે રોજ કમાઈને ખાતા પરિવારજનો પણ હાલ દયાજનક સ્થિતિમાં આવી ગયા છે. છુટક મહેનતકશો પર વિપરિત અસર જોવા મળી રહી છે. બીજીતરફ પુજાપાઠ અને કર્મકાંડ પર નભતા બ્રાહ્મણો પણ મુશ્કેલની દોરમાંથી પસાર થઈ રહ્યા છે. આ અંગે પુર્વ મંત્રી અને બ્રહ્મસમાજના અગ્રણી જયનારાયણ વ્યાસે મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ અને વિધાનસભાના અધ્યક્ષને રજુઆતમાં જણાંવ્યા મુજબ બ્રાહ્મણોનો મંદિરોમાં કર્મકાંડ પુજાપાઠ કરીને નિભાવ કરે છે. જયારે હાલના સંજોગોમાં પુજા પાઠ કે હોમહવન થતા નથી. સમગ્ર ગુજરાતના મંદિરો બંધ છે. જેના લીધે કર્મકાંડ પર નભતો એક ખુબ મોટો વર્ગ હાલ મુશ્કેલી વેઠી રહ્યો છે. આ કર્મકાંડી બ્રાહ્મણોની આવક એક મહીનાથી બંધ છે. સિધ્ધપુર , ડાકોર,સોમનાથ, અંબાજી જેવા યાત્રાધામો પણ સુમસામ જોવા મળી રહ્યા છે. સરકારે કોવિડ -૧૯ સામે લડત આપવા માટે અસરકારક પગલા લીધા છે. જયારે હજુ પણ આ લડત ઓગષ્ટ સપ્ટેમ્બર સુધી ચાલે તેવી સંભાવના છે. જયારે લગ્નસરા પણ મોકુફ છે.

● અનુસંધાન પાન-૭ પર

## અમદાવાદમાં હવે માસ્ક પહેરવું ફરજિયાત

**મોંઢે માસ્ક કે રૂમાલ-દુપટ્ટો નહીં હોય તો કુલ પાંચ હજારનો દંડ : દંડ નહી ભરો તો ફરિયાદ અને ત્રણ વર્ષની જેલ થશે**

અમદાવાદ,તા.૧૨

રાજયમાં કોરોના પોઝિટિવના કેસોનો આંકડો બહુ ઝડપથી અને ખતરનાક રીતે વધી રહ્યો છે પરંતુ ચિંતાજનક અને ગંભીર વાત એ છે કે, સમગ્ર રાજયમાં અમદાવાદ શહેર કોરોનાનું સૌથી મોટુ અને ખતરનાક હોટ સ્પોટ બની ગયુ છે. કોરોનાનો કહેર શરૂ થયો છે ત્યારથી પોઝિટિવ કેસો મુદ્દે અમદાવાદ ટોપ પર રહ્યું છે. એટલે કે, અમદાવાદમાં જ સૌથી વધુ કેસો રોજેરોજ નોંધાઈ રહ્યા છે. આજે પણ અમદાવાદમાં નવા ૨૩ નવા પોઝિટિવ કેસો નોંધાતા શહેરમાં કુલ ૨૬૬ પોઝિટિવ કેસો સામે આવ્યા છે. જયારે આજે અમદાવાદના ઘોડાસર વિસ્તારના કોરોનાગ્રસ્ત એક ૭૫ વર્ષીય પુરુષનું એલ.જી હોસ્પિટલમાં



મૃત્યુ થયું છે. આ સંજોગોમાં અમદાવાદમાં હવે કોરોનાની ગંભીર પરિસ્થિતિ કાબૂમાં લેવા એક મહત્વના નિર્ણયના ભાગરૂપે અમદાવાદ મ્યુનિસિપલ કમિશનરે એપિડેમિક એકટ મુજબ જાહેરનામું બહાર પાડી આવતીકાલે તા.૧૩ એપ્રિલથી અમદાવાદમાં માસ્ક પહેરવું ફરજીયાત કર્યું છે. જો કોઈપણ વ્યક્તિ માસ્ક પહેર્યા વિના બહાર નીકળશે તો તેને રૂ.૫૦૦૦નો દંડ ફટકારવામાં આવશે. જે દંડ નહીં ભરે તેમની સામે ફરિયાદ થશે અને ૩ વર્ષ સુધી જેલની સજા મુજબ ગુનો નોંધવામાં આવશે. શહેરની હાલની સ્થિતિ અંગે વિગતો આપતા અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર વિજય નેહરાએ જણાવ્યું કે, અમદાવાદમાં ૨૪૦ કેસ ગઈકાલ સાંજ સુધી હતા બાદમાં ૨૩ કેસો નોંધાયા છે.અમદાવાદમાં કુલ ૨૬૩ કેસો નોંધાયા છે. અમદાવાદમાં ૧૧ મૃત્યુ થયા છે. અત્યારસુધીમાં ૫૩૭૯ લોકોના સેમ્પલ લેવાયા છે. જયારે સામેથી આવનારા ૧૦૫૯ના સેમ્પલ લેવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com